# ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું મુખપત્ર

જાન્યુ.-ફેબ્રુ : ૨૦૧૩

# હાયર મેસેજ




વર્ષ : ૦૧ અંક : ૦૫-૦૬ તા. ૧૫-૦૩-૨૦૧૩ સળંગ અંક : ૦૫-૦૬

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- છુટક લવાજમ રૂા. ૨૦/-



પ્રમુખ, તંત્રી અને પ્રકાશક
શ્રી પંકજભાઈ કે. પટેલ
અમદાવાદ ગ્રામ્ય

મહામંત્રી
શ્રી વિનોદભાઈ જે. પટેલ
અમદાવાદ શહેર

મુખ્ય સંપાદક
શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર
અમદાવાદ શહેર

કાર્યાલય : ડૉ.,પ્રો.આર. એસ. ત્રિવેદી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ભવન
હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, પાલડી, અમદાવાદ

શ્રી ડેમોક્રેટિક એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત

# શ્રી ગાયત્રી શિક્ષણ સંકુલ



**અમરતભાઈ કે. ભરવાડ**


- ટ્રસ્ટી શ્રી
  ગાયત્રી વિદ્યાલય અને
  બી.એડ.કૉલેજ
- પૂર્વ સભ્યશ્રી
  પરિક્ષા અને નાણા સમિતિ
  ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ
- પૂર્વ કારોબારી સભ્યશ્રી
  ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ
- પૂર્વ પ્રમુખશ્રી
  ઉ.મા.શિ. સંઘ
  અમદાવાદ શહેર




પાયલનગર પાસે, નરોડા, અમદાવાદ - 30
ફોન : ૦૭૯-૨૨૮૦ ૨૩૯૮. મો. : ૯૯૦૯૯૭૦૨૫૦


## શ્રી ગાયત્રી વિદ્યાલય (ગ્રાન્ટેડ)


ધોરણ ૧ થી ૧૨ (સાયન્સ)










## શ્રી ગાયત્રી બી. એડ. કોલેજ

(ગુજરાત યુનિ. સંલગ્ન)



**સંસ્થાની એક જ રૂબરૂ મુલાકાત આપના નિર્ણય માટે નિર્ણાયક બની રહેશે.**

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું

મુખપત્ર

# હાયર મેસેજ

(વાર્ષિક લવાજમ રૂા.૧૦૦)

## ઉચ્ચતર સંદેશ

વર્ષ : ૦૧ અંક : ૦૫-૦૬ તા. ૧૫-૦૩-૨૦૧૩ સળંગ અંક : ૦૫-૦૬

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ-૩૦.
(મો.) ૯૪૨૬૫૫૧૧૯૯
ફોન : ૨૨૮૧૨૭૨૮

: મહામંત્રી :
**વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: સહતંત્રી :
**અરવિંદ જે. પટેલ**
૭, અક્ષરપાર્ક, સાંઈબાબા મંદિર
પાસે, આણંદ-૩૮૮૦૦૧.
મો. : ૯૯૦૪૧૬૪૮૦૮

: સહ સંપાદક :
**ભરતભાઈ વી. વ્યાસ**
સી-૩૨, નંદીપાર્ક, સૈજપુર,
અમદાવાદ-૪૬.
મો. : ૯૪૨૭૪૦૦૩૩૨

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી મહેશભાઈ આર. પટેલ (અમદાવાદ જિલ્લો)
(૨) શ્રી ભરતભાઈ એ. પટેલ (મહેસાણા જિલ્લો)
(૩) શ્રી વસંતભાઈ એલ. નેસકર (સુરત જિલ્લો)
(૪) શ્રી ઈબ્રાહીમ સી. સુમરા (દાહોદ જિલ્લો)
(૫) શ્રી ભરતભાઈ જે. લાડ (નવસારી જિલ્લો)
(૬) શ્રી એસ. કે. પટેલ (તાપી જિલ્લો)
(૭) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૮) શ્રી ગીરીશભાઈ એ. પટેલ (જૂનાગઢ જિલ્લો)
(૯) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૧૦) શ્રી નરસિંહભાઈ પી. ચૌધરી (બનાસકાંઠા જિલ્લો)
(૧૧) શ્રી આર. બી. ઠુમર (પોરબંદર જિલ્લો)

### ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી પીયૂષભાઈ જે. શાહ (પંચમહાલ)
(૨) શ્રી મહેન્દ્રસિંહ બી. ગોહિલ (વલસાડ)
(૩) શ્રી રામજીભાઈ વી. દેસાઈ (મહેસાણા)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંજકભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ | ઉપપ્રમુખ | ભરૂચ |
| શ્રી કમલેશ કે. પટેલ | ઉપપ્રમુખ | સાબરકાંઠા |
| શ્રી જયંતીલાલ એમ. ગડારા | ઉપપ્રમુખ | રાજકોટ |
| શ્રી વિજયભાઈ પી. પટેલ | ઉપપ્રમુખ | મહેસાણા |
| શ્રી જયેશભાઈ ડી. ઈનામદાર | પ્રાદેશીકમંત્રી | નડીયાદ |
| શ્રી જશજીતસિંહ એચ. પરમાર | સહમંત્રી | વડોદરા |
| શ્રી રામસંગભાઈ એલ. ચૌધરી | સહમંત્રી | પાટણ |
| શ્રી નરેન્દ્રસિંહ ઠાકોર | સહમંત્રી | વલસાડ |
| શ્રી કેશુભાઈ વીરાવલ | સંગઠનમંત્રી | પંચમહાલ |
| શ્રી મફાભાઈ એમ. દેસાઈ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી વિરેન્દ્રસિંહ જી. પરમાર | સંગઠનમંત્રી | નર્મદા |
| શ્રી અશોકભાઈ પી. મહેતા | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી સંદીપ એલ. પટેલ | ખજાનચી | સુરેન્દ્રનગર |
| શ્રી રામસિંગ પી. જાદવ | અન્વેષક | અમરેલી |

હાયર મેસેજ **જાહેરાતના દર** વર્ષ : ૦૧

કુલ : ૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા | અંક-૧ ના રૂપિયા |
|---|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ | ૩,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ | ૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૦,૦૦૦ | ૨,૫૦૦ |
| સાદું પેજ | ૬,૦૦૦ | ૧,૫૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ સપ્ટેમ્બરથી ઓગસ્ટ સુધીનું ગણાય છે.
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૧ ૩મા માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

## ...સંપાદકીય...

સંપાદકીય...

સારસ્વત મિત્રો...,

જય સરસ્વતી...!!!

- હાયર મેસેજનો આ વર્ષ : ૦૧ નો અંક ૫-૬ છે.
- નવેમ્બર, ૨૦૧૨થી હાયર મેસેજનું પ્રથમ વર્ષ શરૂ થયેલ છે.
- હાયર મેસેજના પ્રથમ વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.

શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર (મુખ્ય સંપાદક)
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ-૩૦.

- ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો.

હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર. હાયર મેસેજ ટાઈટલને દિલ્હીથી મંજુરી મળેલ છે. આર.એન.આઈ. નંબર માટે કાર્યવાહી ચાલુ છે.

આપનો, પ્રવિણસિંહ ડી. પરમાર
મુખ્ય સંપાદક, હાયર મેસેજ

## મુંઝવણ અને માર્ગદર્શન

આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.

**નીતીન ટી. પંડ્યા**
બી-૨, નવનીધી એવન્યુ, મેમનગર, અમદાવાદ.
મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



શિક્ષક મિત્રો,

હાયર મેસેજ વર્ષ-૧૩, અંક : ૦૫-૦૬, સળંગ અંક : ૦૫-૦૬ તા. ૧૫-૩-૨૦૧૩ ફોર કલરમાં બહાર પાડેલ છે. હાયર મેસેજની સભ્ય સંખ્યામાં આપ સૌના પ્રયત્નથી વધારો થયેલ છે. સૌથી વધુ હાયર મેસેજના લવાજમ લાવવા બદલ અને હાયર મેસેજમાં જાહેરાત લાવવા બદલ રાજકોટ જિલ્લાના પ્રમુખશ્રી જયંત ગડારા અને **મંત્રીશ્રી લીલાભાઈ કઠછા**નું મહામંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આણંદ જિલ્લાના **પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ** અને **ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ પટેલ**નું સૌ પ્રથમ જાહેરાત લાવવા બદલ મહામંડળ દ્વારા સન્માન કર્યું હતું. અમદાવાદ શહેરના **પૂર્વ પ્રમુખશ્રી અમૃતભાઈ ભરવાડ**નું હાયર મેસેજમાં જાહેરાત આપવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

જુદાજુદા જિલ્લામાં અધિવેશન યોજાઈ ગયા તેમાં ઉત્સાહભેર શિક્ષકોએ ભાગ લીધો અને પ્રવર્તમાન પ્રવાહોથી પરિચિત બની તેનો લાભ વિદ્યાર્થી સુધી પહોંચાડવામાં સફળ થયેલ છે. **ખેડા, મહેસાણા, વડોદરા, રાજકોટ, આણંદ, સુરત** જિલ્લામાં અધિવેશન યોજાઈ ગયા તે તમામ જિલ્લાના પ્રમુખ - મંત્રી - હોદ્દેદારોને અભિનંદન. આ અંકમાં દરેક જિલ્લાના અધિવેશનનો અહેવાલ સામેલ છે. LTC બ્લોક વધારા કમિશ્નર કચેરીનો એન્ડ્રોસ કરેલ ઠરાવ આ અંકમાં સામેલ છે. હવે કોઈ ડી.ઈ.ઓ.એ LTC ન આપવાની દલીલ નહીં રહે.

સુરત જિલ્લાના પ્રમુખ અને મહામંડળમાં જુદા જુદા હોદ્દા પર રહેલ **શ્રી ભરતભાઈ પટેલ** નિવૃત્ત થયેલ છે તે બદલ મહામંડળ વતી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ મહામંડળ અને ઘટકસંઘને પૂરી પાડેલ સેવાને બીરદાવવામાં આવે છે. મહામંડળ દ્વારા ૩૦૦ મેડીકલ ભથ્થું, એન્ટ્રીલેવલ પેસ્કેલ, વસ્તી ગણતરીની ખાસ રજા, એલ.ટી.સી. લીવ એન્કેશમેન્ટનો ઠરાવ અંગે નાણાં મંત્રીશ્રીને અલગ આવેદનપત્ર આપેલ છે. આ અંગે શિક્ષણ સચીવશ્રી અઢીયા સાહેબ અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્માને રજૂઆત કરી છે. ૩૦૦ રજાનો ઠરાવ થઈ ગયેલું છે જે આ અંકમાં સામેલ છે. કમિશ્નર કચેરી દ્વારા ડી.ઈ.ઓ.ને ઠરાવ મોકલી આપેલ છે. ૨।। વર્ષ જુનો પ્રશ્ન હલ થયેલ છે. નિવૃત્ત શિક્ષકોને બાકીની ૧૫૦ રજાનો પગાર મળી જશે.

રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનીધિની મીટીંગ યોજાઈ ગઈ જેમાં ચાલુ સર્વીસ દરમ્યાન શિક્ષણ સહાયક મૃત્યુ પામે તો તેને બે લાખ સહાય આપવાનું નક્કી કરેલ છે જેનો અહેવાલ અંકમાં સામેલ છે. એરીયર્સ ગ્રાન્ટ ૧૭૦.૫૭ કરોડ જુદાજુદા જિલ્લામાં ફાળવેલ છે જેથી કોઈપણ બીલ ચુંકવાયા વગર નહીં રહે. અમદાવાદ શહેર સંઘના પૂર્વ પ્રમુખશ્રી પ્રભુદાસ કે. પટેલ અવસાન પામેલ છે. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ અભ્યર્થના.

મહામંડળની વેબસાઈડ શરૂ થયેલ છે. જેમાંથી આપશ્રી અલગ અલગ ઠરાવો, પરિપત્રો અને મહામંડળની લેટેસ્ટ પ્રવૃત્તિની જાણકારી મેળવી શકશો. જેનું નામ છે : **www.gshstfblogspot.com**

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ, ગુ.રા.ઉ.મહામંડળ**

# શૈક્ષણિક સેમીનાર – રાજકોટ




રાજકોટ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનું ૨૧મું અધિવેશન વીરાણી હાઈસ્કૂલ, રાજકોટ ખાતે તા. ૨૪-૨-૧૩ના રોજ યોજાઈ ગયું. જેમાં ચારસોથી વધુ શિક્ષકોએ હાજરી આપી હતી.

બી.એ.પી.એસ.ના સાધુશ્રી **અપૂર્વ મુનીદાસજી**એ કામ પ્રત્યેની નિષ્ઠા, વિષય પ્રત્યેની નીપુણતા, કર્મયોગ અને તેના કામ પ્રત્યેનું ગૌરવ હોય તેને જ સાચો શિક્ષક કહેવાય તેવા શબ્દો કહી શિક્ષકોના આત્માને ઝંઝોળવાનો પ્રયત્ન કર્યો હતો. શિક્ષકમાં શિક્ષત્વ, માતામાંથી માતૃત્વ, સાધુમાં સાધુત્વ, નેતામાં નેતૃત્વ જાળવી રાખવા જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વા. ચાન્સેલર **ડૉ. એમ. કે. પાડલીયા**એ દીપ પ્રાગટ્ય કર્યું હતું. શિક્ષકોને માનવ સમાજના ઘડવૈયા તરીકેની વિશાળ જવાબદારી સંભાળવા જણાવ્યું હતું. રાજ્ય મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલે** ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર, એન્ટ્રી લેવલ પે સ્કેલ મહામંડળે કરેલા કાર્યો, બાકી કાર્યોની માહિતી આપી હતી. બોર્ડના **સભ્યશ્રી પિયુષભાઈ શાહે** બોર્ડના મહેનતાણા વધારા અને અલગ એકમની વિગતે ચર્ચા કરી હતી. મહામંડળના **પૂર્વ પ્રમુખ શ્રી જગદીશભાઈ ભટ્ટ** ને રાજકોટ જિલ્લાના પ્રમુખ-મંત્રીશ્રી દ્વારા સ્મૃતિપત્ર એનાયત કરી નિવૃત્તી સન્માન કર્યું હતું. તેઓશ્રીએ અત્યાર સુધીના લાભ મહામંડળની દેણ છે તેમ જણાવ્યું હતું.

અધિવેશનમાં **મહામંત્રી વિનોદ પટેલ, બોર્ડ સભ્યશ્રી રામજીભાઈ દેસાઈ**, અર્પીત શૈક્ષણિક સંકુલના શ્રી નરેન્દ્ર સીણોજીયા, પૂર્વ બોર્ડ મેમ્બરશ્રી નીતીન પંડ્યા, અમૃતભાઈ ભરવાડ, જિલ્લા **પ્રમુખશ્રીઓ** રમેશભાઈ ઠક્કર - અમદાવાદ, **શ્રી પ્રકાશચંદ્ર પટેલ - ભરૂચ**, વસંત નેસ્કર - સુરત, મહેશભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજાએ હાજરી આપી હતી.

અધિવેશનમાં પી.એચ.ડી. થયેલ શિક્ષકો, નિવૃત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. લીલાભાઈ કડછા
મંત્રી - રાજકોટ જિલ્લા ઉ.મા. સંઘ

શ્રી જયંતભાઈ ગડારા
પ્રમુખ રાજકોટ જિ. ઉ.મા. સંઘ

# શૈક્ષણિક અધિવેશન – મહેસાણા



મહેસાણા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનું શૈક્ષણિક અધિવેશન તા. ૧૭-૨-૧૩ના રોજ શ્રી મરચન્સ એજ્યુકેશન કેમ્પસ, વિસનગર - મહેસાણા હાઈવે બાસણા મુકામે યોજાઈ ગયું. જેમાં ત્રણસોથી વધુ ઉચ્ચતર શિક્ષકોએ હાજરી આપી હતી.

દિપ પ્રાગટ્ય **શ્રી રાજેશભાઈ ડી. પટેલ,** ચેરમેનશ્રી મરચન્ટ એજ્યુ., કેમ્પસ દ્વારા કરવામાં આવ્યું હતું. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી **ડૉ. વી. બી. ભેંસદડીયા** સાહેબે શિક્ષણ જગતના પ્રશ્નો, ભાવી પડકારોની માહિતી આપી હતી. ૧૦૦ થી વધુ નવી ઉ.મા. શાળાઓ શરૂ થતાં આપની સંખ્યામાં વધારો થશે તેવો નિર્દેશ કર્યો હતો. ગુ. મા. અને ઉ.મા. બોર્ડના સચીવશ્રી **એમ. આઈ. જોષી** સાહેબે માહિતીલક્ષી શિક્ષણની સાથે મુલ્યલક્ષી શિક્ષણની હિમાયત કરી હતી. મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી **એ. કે. રાઠોડ** સાહેબે હળવા ફૂલ થઈ શિક્ષણ કાર્ય કરવા અનુરોધ કરી પ્રશ્નોના ઉકેલ માટેની ચિંતા અમારા પર છોડી દેવા આશ્વાસન આપ્યું હતું. મહામંડળના ભૂતપૂર્વ **પ્રમુખ જગદીશ ભટ્ટ**નું નિવૃત્તિ સન્માન કર્યું હતું. તેઓશ્રીને પ્રશ્નોની વ્યાજબી માંગણીઓની સરકાર દ્વારા થતી અવગણના અંગે પ્રકાશ પાડ્યો હતો. મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ પટેલ** પડતર પ્રશ્નોની સ્થિતિ, પરીક્ષા કાર્યના મહેનતાણા વધારા અંગે મંડળ દ્વારા મળેલી ફળશ્રુતીની માહિતી આપી હતી. ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોનો **રેસીયો અઢીનો ચાલુ રાખવા બદલ પૂર્વ શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા**નો આભાર માન્યો હતો. તેથી ઉચ્ચતર શિક્ષકોનું આયુષ્ય વધારમાં અને ઉચ્ચતર શિક્ષકોની આઈડેન્ટી જાળવવામાં મહામંડળે આપેલા યોગદાનની માહિતી આપી હતી. મહીલા બી. એડ. કોલેજના **પ્રિ. શ્રી ઘનશ્યામભાઈ ગઢવી, શ્રી દિપકભાઈ તેરૈયા** એ શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સમારંભની સફળતા બદલ **પ્રમુખશ્રી ગોવિંદભાઈ ચૌધરી, મંત્રીશ્રી નરસંગભાઈ ચૌધરી,** મહામંડળના **ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ પટેલ બોર્ડ સભ્યશ્રી રામજીભાઈ દેસાઈ** અને મહેસાણા જિલ્લાની સમગ્ર કારોબારીને મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ પટેલે** અભિનંદન આપ્યા હતા. સાથે હાયર મેસેજના સભ્યો વધારવા આહવાન કર્યું હતું.

**શ્રી ગોવિંદભાઈ કે. ચૌધરી**
**પ્રમુખ, મહેસાણા જી. ઉ. મા. સંઘ**

**શ્રી નરસંગભાઈ એલ. ચૌધરી**
**મંત્રી મહેસાણા જી. ઉ.મા. સંઘ**

## શૈક્ષણિક સેમીનાર – ખેડા

ખેડા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનો શૈક્ષણીક સેમીનાર તા. ૧૩-૨-૧૩ ના રોજ બી. આર. પટેલ હાઈસ્કૂલ, કોઈડમ, તા. વીરપુર, જિ. ખેડા ખાતે યોજાઈ ગયો. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે બોર્ડના પૂર્વ વાઈસ ચેરમેન શ્રી આર. એમ. પટેલ, ઉદ્‌ઘાટક આર. બી. પટેલ મારૂતીકાર ડીલર્સ, ગોધરા, મુખ્ય મહેમાન એસ. કે. પટેલ - પ્રમુખ વીરપુર બેતાલીસ કડવા પાટીદાર સમાજ હાજર રહ્યા હતા. મહામંડળના પ્રમુખ પંકજભાઈ કે. પટેલે ખેડા જિલ્લાના પ્રથમ શૈક્ષણિક સેમીનાર પ્રસંગે શુભેચ્છા પાઠવી અને મહામંડળના પ્રશ્નો અંગે માહિતગાર કર્યાં હતા. તજજ્ઞવક્તા તરીકે ડૉ. પ્રવીણભાઈ દરજી હાજર રહ્યા હતા. બોર્ડના સભ્યશ્રી પિયુષભાઈ શાહે બોર્ડ દ્વારા પેપર ચકાસણી મહેનતાણા વધારા અને અલગ એકમની બોર્ડમાં ભુમિકાની માહીતિ આપી હતી. પૂર્વ પ્રમુખશ્રી જગદીશ ભટ્ટનું નિવૃત્તિ સન્માન કર્યું હતું. પૂર્વ બોર્ડ સભ્યશ્રી નીતીન પંડ્યા, અમૃતભાઈ ભરવાડ, આણંજ જિલ્લાના પ્રમુખશ્રી ભરત પટેલ, મહામંડળના ઉપપ્રમુખશ્રી જયંત ગડારા, સહમંત્રીશ્રી જયેશભાઈ ઈનામદાર હાજર રહ્યા હતા. સમારંભનો તમામ ખર્ચ મંત્રીશ્રી જયંતીભાઈ પટેલે આપ્યો હતો.

જયંતિભાઈ પટેલ
મંત્રી

મહેન્દ્રભાઈ પટેલ
પ્રમુખ

---

## શિક્ષણ કલ્યાણ રાષ્ટ્રીયનિધી

શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીયનિધિની મિટીંગ તા. ૧૫-૩-૧૩ના રોજ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્માના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર. સી. રાવલ સાહેબે હાજરી આપી હતી. મિટીંગમાં સમિતિના સભ્ય તરીકે રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલ, રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ તથા રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી ચંદુભાઈ જોષીએ હાજરી આપી હતી. મિટીંગમાં નીચેના ઠરાવ રજૂ કર્યા હતા.

(૧) ચાલુ સર્વીસ દરમ્યાન શિક્ષણ સહાયક કે વિદ્યા સહાયક મૃત્યુ પામે તો તેના કુટુંબીજનોને બે લાખની સહાય આપવી.
(૨) દસ છ માસે સમિતિની મિટીંગ બોલાવવી.
(૩) મદદ માટે આવેલ અરજીની ચકાસણી કરી સપ્રમાણ સહાય મોકલી આપવી.
(૪) અસાધ્ય રોગ જેવા કે કીડની ટ્રાન્સ પ્લાન્ટેશન, હાર્ટ બાયપાસ, લીવર ટ્રાન્સ પ્લાન્ટ વગેરેમાં સહાય આપવી

---

## ફક્ત શિક્ષકો માટે સ્પર્ધા - ગીત સંગીત

સારંગ સંગીત કલબના સાત વર્ષ પૂરાં થતાં ફક્ત શિક્ષકોની ગાવાની - હીડન ટેલેન્ટ છુપાયેલ પ્રતિભાને બહાર લાવવા જુના ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજેલ છે. "NOT ONLY A TEACHER BUT ALSO A SINGER"

**સંપર્ક : શરદ પટેલ - ૯૪૨૬૭૬૮૬૦૬**

૯, પારસકુંજ સોસાયટી, વિ-૧, ઉમિયા વિજય બસ સ્ટોપ જોડે, સેટેલાઈટ, અમદાવાદ.
ઓડીશન ટેસ્ટ લઈ યોગ્ય ઉમેદવારને સ્પર્ધામાં લેવાશે.
એન્ટ્રી ફી : ૫૦/- • ફોર્મ ભરી આપવાની છેલ્લા તારીખ : ૩૦-૪-૧૩

# L.T.C. ના બ્લોક વધારાનો કમિશ્નર કચેરી દ્વારા થયેલ ઠરાવ

રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહતની સવલત બાબત
ગુજરાત સરકાર, નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૧૩/૧૫૭૩(૧૨)/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૦૧/૨૦૧૩

વંચાણે લીધા :

(૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસભ/૨૧૬૬/૪૨૯૮/જ, તા. ૧૫/૧૦/૬૬.
(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૯૯/૧૨૫૩/ચ, તા. ૧૧/૧૦/૯૯.
(૩) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૦૭/૧૦૬૫/ચ, તા.૮/૬/૦૭.
(૪) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૦૮/૧૦૬૫/ચ, તા.૨૮/૪/૦૮.

ઠરાવ

રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર છે. કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર બ્લોક વર્ષ ૨૦૦૮-૨૦૧૧નો લાભ તા.૩૧-૧૨-૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ હતો. રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર બ્લોક વર્ષ ૨૦૦૮-૨૦૧૧નો લાભ કર્મચારીઓ/અધિકારીઓ તા.૩૧-૧૨-૨૦૧૨ સુધી મેળવવા હક્કદાર હતા.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓની પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં, આચારસંહિતા અમલમાં આવેલ હતી. આચારસંહિતાના કારણે કર્મચારી/અધિકારીએ રજા પ્રવાસ રાહત/વતન રાહતનો લાભ મેળવી શકેલ ન હતા. કર્મચારીઓ/અધિકારીઓ બ્લોક વર્ષ ૨૦૦૮-૨૦૧૦નો લાભ મેળવી શકે તે અંગેની સમયમર્યાદા લંબાવવા માટે કર્મચારી મંડળો દ્વારા રજૂઆતો મળેલ હતી.

રાજ્ય સરકાર દ્વારા પુખ્ય વિચારણાના અંતે કર્મચારી/અધિકારીઓ બ્લોક વર્ષ ૨૦૦૮-૨૦૧૧નો રજા પ્રવાસ રાહત/વતન કપ્રવાસ રાહતનો લાભ મેળવી શકે તે બાબતે ધ્યાને રાખીને બ્લોક વર્ષ ૨૦૦૮-૨૦૧૧ની મુદત તારીખ : ૩૦-૬-૨૦૧૩ સુધી લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઈલર), નાયબ સચિવ, નાણા વિભાગ.

ક્રમાંક/અનદા૧/૨૦૧૨-૧૩/૫૬૨૩-૫૬૫૦
કમિશ્નર મધ્યાન ભોજન અને શાળાઓની કચેરી,
૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, પહેલા માળે,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૬-૩-૨૦૧૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ....
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

સંયુક્ત શિક્ષણ નિયામક
કમિશ્નર મ.ભો.યો. અને શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

**બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર બાબત**

**ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક : બમશ/૧૧/૨૦૧૩/૬૮/ગ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. : ૨૬-૩-૨૦૧૩**

**વંચાણે લીધા :**

(૧) નાણા વિભાગના તા. : ૧૬-૭-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : એલવીઈ/૧૦૯૮/૧૦૨૪/૫.

(૨) નાણા વિભાગના તા.:૨૧/૪/૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક :જીએન-૧૪/આરજજેએ/૨૦૦૬/યુઓ/૪૪૪-પી.

(૩) નાણા વિભાગનો તા. ૧૫-૧-૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : પીઈઆર/૧૦૦૯/૧૬/પે સેલ (મ)

(૪) નાણા વિભાગનો તા. ૩-૧૦-૨૦૧૨નો ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૦૯/૭૫/(પાર્ટ-૧) પે-સેલ (

(૫) કમિશ્નરશ્રી, શાળાની કચેરીના તા. : ૭/૨/૨૦૧૩ ના અ.સ.પત્ર ક્રમાંક : ઘ/પે-૧/૨૦૫૫૧/૨૫૫૮

**આમુખ :**

કમિશ્નરશ્રી શાળાઓના વંચાણે લીધેલ ક્રમાંક (૫) સામેના તા. ૭-૨-૨૦૧૩ના પત્રથી નાણા વિભાગના તા. ૧૫-૧-૨૦૧૦ ના ઠરાવ મુજબ નિવૃત્તિ પછી ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતરના લાભ આપવા બાબતે બિનસરકારી માધ્યમિક શિક્ષક સંઘ, બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલ રજૂઆત અંગે માર્ગદર્શન આપવાની દરખાસ્ત સરકારને કરેલ હતી.

નાણા વિભાગના તારીખ : ૧૬-૭-૧૯૯૯ના ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો, આચાર્યોને ૩૦૦ દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવાના હુકમો થયેલ છે ત્યારબાદ નાણા વિભાગના તારીખ : ૧૫-૧-૨૦૧૦ તથા તા. ૩-૧૦-૨૦૧૨ ના ઠરાવોના સંદર્ભમાં અમલીકરણ કેટલાક અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થતા નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**સ્પષ્ટતા :**

રાજ્યની સરકારી, બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યો ખાતે જમા ..... રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃત્તિ સમયે બંને મળીને કુલ ૩૦૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ રોકડમાં રૂપાંતર પ્રાપ્ત રજા તથા જમા રજા, અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બંને મળી કુલ-૩૦૦ (ત્રણસો દિવસ પુરા) દિવસ મર્યાદામાં રજાનું રોકડમાંરૂપાંતર કરવાના નાણા વિભાગના તા. ૧૬-૭-૧૯૯૯ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

આ સ્પષ્ટતા આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૨-૩-૨૦૧૩ના નોંધથી મળેલ મંજુરીથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ. વી. શાહ)
સેકસન, અધિકારી, શિક્ષણ વિભાગ

**ઠરાવ કરવા બદલ આભાર.....**

- મા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
- મા. શ્રી હસમુખભાઈ અઢીયા અગ્રસચિવશ્રી શિક્ષણ અને નાણા, ગુજરાત રાજ્ય
- મા. શ્રી એચ. ડી. સેઈલર નાયબ નાણા સચીવશ્રી, ગુજરાત રાજ્ય
- મા. શ્રી ડોડીયા સાહેબ નાયબ નાણા સચિવશ્રી, ગુજરાત રાજ્ય
- મા. શ્રી નિલેશભાઈ ગિવેઈ ઉપસચિવશ્રી શિક્ષણ, ગુજરાત રાજ્ય
- મા. શ્રી હળપતીભાઈ - શિક્ષણ વિભાગ
- મા. શ્રી એ. વી. શાહ - સેકશન ઓફિસર, શિક્ષણ વિભાગ
- મા. શ્રી સોમ સાહેબ, કમિશ્નરશ્રી શિક્ષણ
- મા. શ્રી ઈ. પી. દેસાઈ - સંયુક્ત શિક્ષણ નિયાકમશ્રી
- મા. શ્રી વી. બી. ભેંસદડીયા, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી
- મા. શ્રી આર. સી.પટેલ - સુપ્રીટેન્ડન્ટ, કમિશ્નર કચેરી

## શ્રધ્ધાંજલી



અમદાવાદ શહેર ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ અને પૂર્વ રાજ્ય કારોબારી સભ્યશ્રી **પ્રભુદાસભાઈ કે. પટેલનું ૬૨ વર્ષની ઉંમરે અવસાન** થયેલ છે. તેઓ અમદાવાદ શહેર સંઘમાં તમામ હોદ્દા પર રહી ૨૦૦૭માં પ્રમુખ તરીકે હોદ્દો નીભાવ્યો હતો. તેમની શ્રધ્ધાંજલી શોક સભા તા. ૨૩-૩-૧૩ના રોજ મહામંડળના ભવન પાલડી ખાતે રાખી હતી. જેમાં મહામંડળના સ્થાપક **પ્રમુખશ્રી મનુભાઈ રાવલ**, મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલ અને પૂર્વ પ્રમુખશ્રી જગદીશ ભટ્ટ, પૂર્વ બોર્ડ સભ્યશ્રી નીતીન પંડ્યા, શ્રી અમૃત ભરવાડ અને શ્રી તોમર સાહેબ** તથા તમામ હોદ્દેદાર - કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

**શ્રી રાજેશભાઈ ઉપાધ્યાય** — મંત્રી
**શ્રી રમેશભાઈ ઠક્કર** — પ્રમુખ

## અભિનંદન



ગુ.રા.ઉ.મા.શિ. સંઘ મહામંડળના **મહામંત્રીશ્રી વિનોદભાઈ પટેલનાં પુત્ર શ્રી વિકલ્પ એ** ફાર્માકોગ્નોસી III (Pharmacognosy - III) વિષયમાં ૧૦૦ ગુણમાંથી ૮૯ ગુણ સાથે પાસ કરી "ગોલ્ડ મેડલ" મેળવેલ છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામના.

## એરીયર્સગ્રાન્ટ અંગે

દરેક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને જરૂર કરતાં વધુ ગ્રાન્ટ ફાળવેલ છે માટે તમામ એરીયર્સ બીલ ૩૧, માર્ચ પહેલાં મંજુર થઈ જશે. વધુ ગ્રાન્ટ લાવવામાં બોર્ડના પૂર્વ એકાઉન્ટન્ટસ ઓફિસર અને હાલ નાણાં **ઉપસચીવશ્રી એસ. જી.પટેલ**નો આભાર. **૪૧.૧૫** કરોડ પે એન્ડ એલાઉન્સ ટુ સ્ટાફ ઓફ સેકન્ડરી સ્કૂલ, ૭૩.૪૮ કરોડ - ૨૦% એરીયર્સ ઓફ આર.ઓ.પી.ટુ રીટાયર્ડ એમ્પલોઈ, ૫૫.૮૭ કરોડ લીવ એન્કેશમેન્ટ ઓફ રીટાયર્ડ એમ્પલોઈ માટે, કુલ - **૧૭૦.૫૦** કરોડ ગ્રાન્ટ ફાળવેલ છે.

**વિનોદભાઈ પટેલ** — **પંકજભાઈ કે. પટેલ**

## અભિનંદન



રાજકોટ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનાં મંત્રીશ્રી **ડૉ. લીલાભાઈ કડછા** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે તેમજ બોર્ડ ઓફ એકાઉન્ટસના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયેલ છે. બોર્ડ ઓફ સ્પોર્ટસ ના સભ્ય તરીકે પણ નિયુક્ત પામ્યા છે. તેઓશ્રીને હાયર મેસેજ પરિવારના અભિનંદન.

# મુંઝવણ અને માર્ગદર્શન

**પ્ર.-૧ હાયર સેકન્ડરીના એક શિક્ષકને નિયમ મુજબ ઓછામાં ઓછા અને વધુમાં વધુ કેટલા તાસ લેવાના હોય છે ?**

જવાબ શિક્ષણ વિભાગના ઠરાવ તા. ૮-૨-૮૦ ઠરાવ નંસમશ : ૯૧૭૭-૫૦૨૩૧-ગ-૧ ના સુધારા નં. સમશ : ૯૧૮૦-૧૭૩૮૨-ગ-૧ મુજબ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને જે તે વિષયના સંદર્ભમાં અઠવાડિયે ૧૫ થી ૧૮ કલાકનું શૈક્ષણિક કાર્યબોજ મળી રહેવો જોઈએ. તેમજ જે તે વિષયના સંદર્ભમાં સ્વાધ્યાય સાથે સંબંધીત તેવી જરૂરી શૈક્ષણિક પ્રવૃત્તિ માટે અઠવાડિયે ૩ થી ૬ કલાકનો કાર્યબોજ મળી રહેવો જોઈએ. જે કુલ ૨૧ કલાકથી ઓછો થવો જોઈએ નહીં. એટલે કે

શૈક્ષણિકાર્ય + સ્વાધ્યાય સાથે સંલગ્ન શૈક્ષણિક પ્રવૃત્તિ

૧૫ કલાક + ૬ કલાક
૧૬ કલાક + ૫ કલાક
૧૭ કલાક + ૪ કલાક
૧૮ કલાક + ૩ કલાક

જો સ્વાધ્યાય કાર્યના મૂલ્યાંકનનું કાર્ય શિક્ષક એકલો કરી શકે પરંતુ સ્વાધ્યાય અંતર્ગત શૈક્ષણિક હેતુ વિષયક પ્રવૃત્તિ વિદ્યાર્થી સાથે કરવી જરૂરી છે.

**પ્ર.૨ હાયર સેકન્ડરીમાં એક તાસ કેટલી મિનીટનો હોઈ શકે ?**

જવાબ ઉચ્ચતર મા. વિભાગમાં શાળા સમય અનુસાર કેટલા મીનિટો તાસ ગોઠવ્યો તે બાબત એવું કહી શકાય કે શિક્ષકને ૧૫ કલાકથી ૧૮ કલાકનું કાર્ય ગણવા માટે ૩૫ મીનીટથી ૪૫ મીનીટ સુધીનો તાસ ગોઠવી શકાય, તેને તાસ મુજબ ગોઠવીએ તો ૧૮ તાસથી ૨૪ તાસ મુજબ ફાળવી શકાય.

**પ્ર.૩ હાયર સેકન્ડરીના સુપરવાઈઝરનો કાર્યભાર કેટલા કલાકનો હોઈ શકે ?**

જવાબ ઉચ્ચત્તર મા. વિભાગમાં સુપરવાઈઝરનો કાર્યબોઝ ઓછામાં ઓછા ૧૨ તાસ અને વધુમાં વધુ ૧૮ તાસ ગોઠવી શકાય. આપની શાળામાં છ વર્ગો છે તો એક સુપરવાઈઝર મળી શકે.

**પ્ર.૪ C.P.F. અંગે**

જવાબ તા. ૧-૪-૨૦૦૯ થી પછીની C.P.F. ની રકમ તમારા ખાતામાં ૧૦% મુજબ કપાય છે અને તેટલી જ રકમ સરકારે ઉમેરી છે જે દર વર્ષને અંતે C.P.F. ની સ્લીપ મેળવી લેવી જેમાં બંન્ને રકમ અલગ અલગ દર્શાવેલી હોય છે અને વ્યાજની ગણતરી કરેલી હોય છે. આ તારીખ અગાઉની રકમ જમા કરાવવા માટે એ. જી. વિભાગે જે તે જિલ્લા શિક્ષણાધિકારી મારફતે તેના ફોર્મ મોકલાવેલ છે. તે ભરી એ.જી. ની મંજૂરી આવે તે રકમ એક સામટી કે ટૂકડે ટૂકડે ભરી શકશો.

**પ્ર.૫ આચાર્યમાં જોડાવા અંગે ?**

જવાબ જો તમો માધ્યમિક વિભાગમાં આચાર્ય તરીકે જોડાવતો તમને અમુક ફાયદા થાય છે. કારણકે છઠ્ઠા પગારપંચમાં આચાર્યને નવો પે ગ્રેડ ૪૬૦૦નો મળે છે જેનો તમોને ફાયદો થાય.

**પ્ર.૬ પેન્શન અંગે ?**

જવાબ છઠ્ઠા પગાર પંચ મુજબ પેન્શનની ગણતરી વખતે નોકરીના વર્ષો ધ્યાનમાં લેવામાં આવતા નથી પરંતુ છેલ્લા વર્ષના છેલ્લા બેઝીક પગાર + પે ગ્રેડને આધારે પેન્શન બંધાતું હોવાથી તમારી પ્રા. શાળાની નોકરી ગણો કે ન ગણો કોઈ ફેરફાર પેન્શનમાં થતો નથી.

# શૈક્ષણિક સેમીનાર – આણંદ

આણંદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનો શૈક્ષણિક સેમીનાર યોજાયો. સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી વાસદ ખાતે તા. ૨૬-૨-૧૩ ને મંગળવારે સમારંભ **પ્રમુખ ભાસ્કરભાઈ પટેલ** ચેરમેન એસ. વી. આઈ. ટી. - વાસદ, ઉદ્‌ઘાટક **મનુભાઈ પટેલ**, વા. ચેરમેન ન્યુ ઈંગ્લીશ સ્કૂલ, વાસદ, મુખ્ય મહેમાન **શ્રી મનુભાઈ રાવલ** સ્થાપક પ્રમુખ ઉચ્ચતર મહામંડળે હાજરી આપી હતી. તેવોશ્રીએ મહામંડળનો ઈતિહાસ અને પ્રશ્નો કેવી રીતે ભુતકાળમાં ઉકેલાયા તેની માહિતી આપી હતી. મહામંડળના **પ્રમુખશ્રી પંકજભાઈ કે. પટેલે** મહામંડળ થકી અલગ પગારની ફળશ્રુતી, પેપર ચકસણીના મહેનાતાણા વધારો રેસીયો, ૩૦૦ રજા, ૩૦૦ મેડીકલ, એન્ટ્રીલેવલ પેસ્કેલની માહિતી આપી હતી. પૂર્વ **પ્રમુખશ્રી જગદીશ ભટ્ટનું** નિવૃત્તિ સન્માન કર્યું હતું. સમારંભમાં **મહામંત્રીશ્રી વિનોદ પટેલ**, જુદા જુદા જિલ્લાના પ્રમુખમંત્રી પૂર્વ બોર્ડ સભ્યશ્રી **નીતીન પંડ્યા, અમૃત ભરવાડ, પ્રવીણભાઈ પટેલ, કાંતીભાઈ પટેલે** હાજરી આપી હતી. બોર્ડ પ્રમુખશ્રી **રામજીભાઈ દેસાઈ**, મહામંડળના હોદેદારોએ હાજરી આપી હતી. તજજ્ઞ વક્તા તરીકે **ડૉ. પિયુષભાઈ જોષી** ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ સ.પ. યુનિર્વસીટી, જિલ્લા શિક્ષણાધિકારી **શ્રી કમલેશભાઈ પટેલે** હાજરી આપી હતી.

મુકેશકુમાર એન. પંડ્યા
મંત્રી

ભરતભાઈ પટેલ
પ્રમુખ

ઉનાળુ વેકેશન માં એલ.ટી.સી. નો મહત્તમ લાભ આપતા વિશ્વાના પ્રવાસો



આંદામાન નિકોબાર

દિવસ :૧૦ રૂ.૭,૯૫૦/- + એલ.ટી.સી



આંદામાન નિકોબાર ના પ્રવાસ માં સરકારી નિયમ પ્રમાણે વિમાન પ્રવાસ કરી શકાય છે. જે અમુક મર્યાદામાં એલ.ટી.સી. માં મળવા પાત્ર છે. તેના માટે તમારે બુકિંગ પાંચ મહિના પહેલા કરાવવુ જરૂરી છે.

| કોચીન, લક્ષદ્વિપ, કોચીન | રામેશ્વરમ્, કન્યાકુમારી, કોડાઈ કેનાલ | કાશ્મીર, વૈષ્ણોદેવી |
|---|---|---|
| દિ:૮ રૂ.૩૫૦૦/- + એલ.ટી.સી. | દિ:૯ રૂ.૭,૫૦૦/- + એલ.ટી.સી. | દિ:૧૨ રૂ.૧૨,૫૦૦/- + એલ.ટી.સી. |

એલ.ટી.સી. એટલે કે સરકારી કર્મચારી ને મળવાપાત્ર ૬૦૦૦/કિ.મિ. નુ બસ, રેલ્વે, શિપ એર ભાડું

| કુલુ-મનાલી | ગોવા | કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, | તિરૂપતિ, પાંડિચેરી |
|---|---|---|---|
| દિ:૧૧ રૂ.૧૦,૫૦૦/- + એલ.ટી.સી. | દિ:૬ રૂ.૫,૫૦૦/- + એલ.ટી.સી. | દિ:૯ રૂ.૪,૯૫૦/- + એલ.ટી.સી. | દિ:૭ રૂ.૭૫૦૦/- + એલ.ટી.સી |

શિક્ષક મિત્રો.... ઉનાળાના પ્રવાસ માટે તમારે જાન્યુઆરી-૨૦૧૩ માં બુકીંગ કરવવુ જરૂરી છે કારણ કે રેલ્વે રિઝર્વેશન ૧૨૦ દિવસ પહેલા શરૂ થાય છે અને પહેલા દિવસેજ ટ્રેન બુક થઈ જાય છે તેથી અમારી પાસે આજે જ રેલ્વે ટીકીટ બુક કરાવો, જો અનિવાર્ય સંજોગોમાં તમારો પ્રવાસ કેન્સલ થાય તો તમારે નજીવા કેન્સલેશન ચાર્જ સિવાય કાંઈ ગુમાવવાનું થશે નહી.

દુબઈ, દિવસ :૪ રૂ. ૧૯,૯૯૯/- + એર

VISHWA TRAVELS

રવિવારે પણ મુલાકાત લઈ શકાશે.

8,Mayur Chamber, Opp. Gandhigram Rly Station, Ashram Road,Ahmedabad-380009
(M.) : 9426322750, 9099053291, (079) 26583207 E-mail : vishwatravels@gmail.com

# ધો.૧૦ અને ધો.૧૨ પછી શું ?

**બી.એન. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ**

(સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત)

સરદાર પટેલ ઓવરબ્રીજ, એન.એસ.પટેલ સર્કલ પાસે, સી. પી. પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,

આણંદ - ૩૮૮૦૦૧. ફોન : ૦૨૬૯૨-૨૫૦૪૩૨

Email : bnparamedical@yahoo.com • Website : www.bnparamedical.org • www.spet69anand.org

આવો, પેરામેડીકલ એન્ડ સાયન્સ ક્ષેત્રમાં ભવિષ્ય ઉજ્જવળ બનાવો...ગુજરાતમાં સૌ પ્રથમવાર ઉત્તમ ગુણવત્તાવાળુ શિક્ષણ

## ધો.૧૨ સાયન્સ માટેનો ઉત્તમ વિકલ્પ

**B.Sc. ઈન મેડીકલ ટેકનોલોજી (સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન)**

૧. B.Sc. ઈન રીનલ ડાયાલિસીસ ટેકનોલોજી
૨. B.Sc. ઈન ઈમેજીંગ ટેકનોલોજી
૩. B.Sc. ઈન કલીનીકલ લેબ ટેકનોલોજી
૪. B.Sc. ઈન ઓપરેશન થીયેટર એન્ડ એનેસ્થેલિયા ટેકનોલોજી

## પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ડાયાલીસીસ (૧ વર્ષ)

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન

(કોઈપણ સાયન્સ ગ્રેજ્યુએટ, (હોમ સાયન્સ), નર્સિંગ, બી.પી.ટી. જોડાય શકે છે.)

| ટેકનીશીયન / સર્ટીફિકેટ કોર્સ | પ્રવેશ લાયકાત |
|---|---|
| ૧. ડાયાલિસીસ ટેક્નીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૨. મેડીકલ લેબોરેટરી તથા ઈ.સી.જી. ટેક્નીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૩. એક્ષ-રે અને મેમોગ્રાફી ટેક્નીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |

સંલગ્ન : ભારત સેવક સમાજ પ્લાનિંગ કમિશન, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, Reg. No. BSS CC GJ 388001 HE

## ટેકનીકલ જોડાણ

- ઝાયડસ હોસ્પિટલ, આણંદ
- ફેશીનીયસ, જર્મની.
- ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ
- ઈનફોક્સ રેડીઓલોજી સેન્ટર, અમદાવાદ

– અતિ આધુનિક સંપૂર્ણ સાધન સુસજ્જ ઈન્સ્ટીટ્યુટ તથા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ફેક્લ્ટી
– સરકારી તથા પ્રાઈવેટ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં ટેકનીશીયન/ટેકનોલોજીસ્ટ તરીકેની કારકીર્દી
– હોસ્ટેલની સગવડ, કેમ્પસ રીક્રુટમેન્ટ તથા જોબ કાઉન્સીલીંગની વ્યવસ્થા

પ્રવેશ માટે રૂબરૂ મળો : સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાકે

**ડો. આદિતી ભટ્ટ : ૯૫૭૪૭ ૩૪૪૫૦, દિપક ડી. વૈષ્ણવ : ૯૯૨૪૦ ૭૮૨૪૪**

- ડો. હિમાંશુભાઈ પટેલ (નેફ્રોલોજીસ્ટ), ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ.
- ડો. રમણભાઈ પટેલ (FRCS) લંડન મેડીકલ ડિરેક્ટર, સર્જન, તરીકે ૪૦ વર્ષનો બહોળો અનુભવ
- ડો. અતિત કાંટાવાલા (M.S. Ortho) જોઈન્ટ મેડીકલ ડિરેક્ટર
- શ્રી શશીકાન્તભાઈ પટેલ - ડિરેક્ટર, કો-ઓર્ડિનેશન


Relationship beyond Trust
અર્પિત શૈક્ષણિક સંકુલ
રાજકોટ-મોરબી નેશનલ હાઈવે, હડાળા-રાજકોટ. ફોન : ૦૨૮૨૨-૨૯૩૯૯૯, ૯૩૭૫૯ ૯૯૮૯૯, ૯૯૭૯૬ ૦૦૪૦૦
સ્વપ્નો બતાવવા નથી,
સાકાર કરી બતાવવા છે.
Approved by AICTE Delhi • A.I.E.T. • Affiliated to GTU
■ Approved by AICTE, NCTE & Saurashtra University
■ Affiliated with GTU & Saurashtra University
ARPIT
Managing Director
N. C. Sinojia
એન્જીનીયરીંગ
અર્પિત ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી
ડીપ્લોમા એન્જીનીયરીંગ
• મીકેનીકલ એન્જીનીયરીંગ
• સિવીલ એન્જીનીયરીંગ
• ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ
• કોમ્પ્યુટર એન્જીનીયરીંગ
• ઈ.સી. એન્જીનીયરીંગ
• પ્રથમ સેમેસ્ટર રીઝલ્ટમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૦ મો નંબર મેળવેલછે.
• મિકેનીકલ બ્રાન્ચ - જી.ટી.યુ. માં ૬ઠ્ઠો રેન્ક
• સિવિલ બ્રાન્ચ - જી.ટી.યુ. માં ૭ મો રેન્ક
અર્પિત કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.)
સાયન્સ કોલેજ
અર્પિત ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી
સાયન્સ
• B.Sc. મેથેમેટીકસ
• B.Sc. ફિઝીકસ
• B.Sc. કેમેસ્ટ્રી
• B.Sc. માઈક્રો બાયોલોજી
કોમ્પ્યુટર સાયન્સ
• B.C.A.
• P.G.D.C.A.
• B.Sc.IT
અન્ય કોલેજો
અર્પિત ઈન્સ્ટીટયુટ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ
આર્ટસ
• B.A.
• B.S.W.
કોમર્સ
• B.Com.
મેનેજમેન્ટ
• B.B.A.
• અદ્યતન કોલેજ કેમ્પસ
• શ્રેષ્ઠ શિક્ષણ
• અનુભવી મેનેજમેન્ટ દ્વારા સંચાલન
સ્કુલ એજયુકેશન
• ધો. ૧ થી ૧૨
• ધો. ૧૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
સ્પોર્ટસ એકટીવીટી
ક્રિકેટ
યોગા
ફુટબોલ
ખો-ખો
કરાટે
બાસ્કેટ બોલ
કબડ્ડી
વોલી બોલ
વિશિષ્ટતાઓ
• અદ્યતન લેબોરેટરી સુવિધા
• સ્ટુડન્ટસ માટે લાયબ્રેરી સુવિધા
• વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રી વિઝીટ અને સેમીનારનું આયોજન
• અદ્યતન કોમ્પ્યુટર લેબની સુવિધા
• એકસપર્ટ લેકચરર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે અનોખુ માર્ગદર્શન અને કેમ્પસ ઈન્ટરવ્યુ તેમજ પ્લેસમેન્ટ માર્ગદર્શન.
• વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટ્સ એકટીવીટી
• Wi-Fi કોલેજ કેમ્પસ
સુવિધાઓ
બસ સુવિધા
• રાજકોટ તેમજ મોરબીથી
હોસ્ટેલ સુવિધા
• બોયઝ હોસ્ટેલ
• ૪૮૦ વિદ્યાર્થીઓ
• ગર્લ્સ હોસ્ટેલ
• ૧૨૦ વિદ્યાર્થીનીઓ
(તમામ સુવિધાઓ સાથે)




ગ્રાહક નં. :

Book-Post




રવાના :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
મુખ્ય સંપાદક : હાયર મેસેજ
ડૉ. પ્રો. આર. એસ. ત્રિવેદી
ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ભવન,
હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર,
પાલડી, અમદાવાદ
ફોન : ૯૪૨૬૫-૫૧૧૯૯

પ્રતિ,
ભૂપેન્દ્રકુમાર ગીરજાપ્રસાદ મહંત
90/ હરીપ્રકાશ સોસા.,
કુમારશાળાની પાછળ,
નરોડા,
અમદાવાદ-382330.

મુદ્રક : રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ. ફોન : ૦૭૯-